ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૯/૧૮-૧૯/ 5026 તારીખ : 1 NOV 2018

પ્રતિ,

શ્રી નાથાભાઈ દેવજીભાઈ રાઠોડ,
મુ. કંટાળા, તા. ઘોઘા,
જી. ભાવનગર.
મો : ૯૯૭૮૩ ૩૧૭૦૦.

કેસ ન. ૭૯/૧૮-૧૯.

વિષય : **નવા ખેતીવાડી વીજ કનેક્શનની ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા : ૧૭.૦૭.૧૮.

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૧૮–૧૯/૩૩૭૪ તા. ૨૫.૦૭.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૨૩.૧૦.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મામસા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૯/૧૮–૧૯** ☜

વાદી :– **શ્રી નાથાભાઈ દેવજીભાઈ રાઠોડ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૩.૧૦.૨૦૧૮** ◈

હાજર રહયા :– પોતે.

પ્રતિવાદી :– **શ્રી એ. એસ.ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી,** શહેર-૨ ભાવનગર.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી નાથાભાઈ દેવજીભાઈ રાઠોડ, મું.કંટાળા, તા. ઘોઘા ની નવા ખેતીવાડી વીજ જોડાણની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૯ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૭૯/૧૮–૧૯/ ૩૩૭૪ તા. ૨૫.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૩.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ., તથા પ્રતિવાદી શ્રી એ. એસ.ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૨ અરજદારશ્રીની સી.જી.આર.એફ. સમક્ષની તા.૧૭.૦૭.૨૦૧૮ નાં રોજની રજૂઆત મુજબ તેઓનેનવા ખેતી વિષયક વીજજોડાણ માટે તા.૨૯.૧૨.૨૦૧૮નાં રોજ અરજી કરેલ જે અન્વયે મળેલા કોટેશનનાં નાણા નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરી શકેલ નથી.

૧.૨ તો સદર વીજજોડાણ માટે આગળની કાર્યવાહી કરી વીજજોડાણ આપવા બાબત.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☛ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી નાથાભાઈ દેવજીભાઈ રાઠોડ, મુ. કંટાળા દ્વારા તા. ૨૭.૧૨.૨૦૦૮નાં રોજ રૂ. ૨૦૦/- રસીદ નં.૯૮૬૭૫થી ભરપાઈકરી, તેઓને ખેતીવાડીના સર્વે નં. ૧૦૩/૨ માં ૫ હો.પા. નું ખેતીવાડી વીજજોડાણ લેવાની અરજી કરેલ હતી, જે જી.પી. નં. ૭૫૪૩થી નોંધાયેલ છે.

૨.૨ અરજદારશ્રીનો ક્રમાનુસાર વારો આવતાં, જરૂરી સર્વેની કામગીરી કરી તેઓને મામસા પેટા વિભાગીય કચેરીનાં પત્ર નં. ૭૯૪૪ તા. ૨૫.૧૧.૨૦૧૪થી અંદાજપત્ર મોકલવામાં આવેલ હતું, જે અંગેની નોંધ જી.પી. રજીસ્ટરમાં છે.

૨.૩ અરજદારશ્રીની ફોરમ સમક્ષ કરેલ રજુઆતમાં જણાવ્યા મુજબ તેઓદ્વારા સદર અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલી તારીખ પહેલાં અંદાજપત્ર ભરપાઈકરવાની સમય મર્યાદામાં પ્રથમ ૬ માસનો વધારો કરવાં માટે કરેલ અરજીના અનુસંધાને મામસા પેટા વિભાગીય કચેરીનાં પત્ર નં. ૫૫૧ તા. ૨૦.૦૧.૨૦૧૫ દ્વારા નવું અંદાજપત્ર પાઠવવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ તા. ૨૨.૦૬.૨૦૧૫ હતી પરંતુતેઓની માંગણીવાળા સ્થળમાં અન્ય ભાગીદારોની નોટરાઈઝ સંમતિમાં મોડું થવાથી નિયત સમય મર્યાદામાં ભરપાઈ કરેલ નથી કે ફરીથી મુદ્દત વધારવા માટેની અરજી પણ કરેલ નથી.

૨.૪ ઉપરોક્ત કારણોસર અરજદારશ્રીને માંગણીવાળું વીજજોડાણ આપવાની કારવાહી હાથ ધરેલ નથી.

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી અરજદાર રાઠોડ નાથાભાઈ દેવજીભાઈએ તા. ૨૭.૧૨.૦૮ના રોજ ગામ કંટાળામાં નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. જેના માટે પ્રતિવાદીએ તા. ૨૫.૧૧.૧૪ના રોજ અંદાજપત્ર આપેલ, જેના માટે વાદીએ અંદાજપત્ર ભરવા માટે સમય મર્યાદા વધારી આપવા અરજી કરેલ.

3.૨ પ્રતિવાદીએ વાદીને તેના નવા વીજ જોડાણ માટે તા. ૨૦.૦૧.૧૫ના રોજ ફરીથી અંદાજપત્ર આપેલ જેની સમય મર્યાદા તા. ૨૨.૦૬.૧૫ સુધીની હતી આ સમય મર્યાદા દરમ્યાન વાદીએ અંદાજપત્રની રકમ ભરપાઈ કરી આપેલ નહિ, આથી વાદીની વીજ જોડાણ માટેની અરજી પ્રતિવાદી દ્વારા કેન્સલ કરવામાં આવેલ.

3.3 ત્યારબાદ વાદીએ અંદાજપત્ર ભરવા માટેની કોઈ સમયમર્યાદા વધારી આપવાની અરજી કરેલ નહિ તેમજ જુન-૧૮ થી જુલાઈ-૧૮ દરમ્યાન વાદીએ કોઈ તેના વીજજોડાણ માટે કોઈ રજૂઆત કરેલ નહિ, આથી વાદીની ફોરમ સમક્ષની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

-3-

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## -: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. "3.3 મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :-૨૩.૧૦.૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.